આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

વિપરિત કે પડકારરૂપ પરિસ્થિતિમાં તમે કેટલા સ્વસ્થ રહી શકો છો તેના ઉપરથી તમારી પરિપક્વતા નક્કી થાય છે
- કાન્તિભટ્ટ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૬૫ | ૬ ડિસેમ્બર, ૨૦૧૩, શુક્રવાર; માગશર સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લા પંચાયતના ઉપપ્રમુખપદેથી ભીખીબેનનું રાજીનામુ

## પંચાયતના ઉપ્રમુખપદેથી છ મહિનામાં બીજી વાર રાજીનામુ ધરી દેતાં પંચાયતમાં સન્નાટો; ગત સામાન્ય સભામાં તેમનું રાજીનામુ નામંજૂર થયું હતું : રાજીનામું અંગત કારણોસર આપ્યાનું મનાય છે

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર જિલ્લા પંચાયતના



ઉપપ્રમુખ શ્રીમતી ભીખીબેન ભરતજી ઠાકોરે આજે સાંજે તેમના હોદ્દા પરથી રાજીનામુ ધરી દેતાં પંચાયતના વર્તુળોમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

છ માસના ટુંકા ગાળામાં શ્રીમતિ ભીખીબેન ઠાકોરે આ બીજીવાર હોદ્દા પરથી રાજીનામુ આપતાં કોંગ્રેસી આગેવાનો મૌન બની ગયા છે અને પંચાયતની જૂથબંધી તીવ્ર રીતે બહાર આવવા પામી છે. અગાઉ શ્રીમતી ભીખીબેન ઠાકોરે પંચાયતના નવા પ્રમુખની ચૂંટણી પૂર્વે હોદ્દા પરથી રાજીનામું આપી દીધું હતું.

શ્રીમતી ઠાકોરના રાજીનામાનો સામાન્ય સભાએ છેલ્લી ઘડીએ અસ્વીકાર કર્યો હતો. શ્રીમતી ઠાકોર પંચાયતના ઉપપ્રમુખપદ ઉપરાંત ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિના ચેરમેનપદનો કાર્યભાર સંભાળી રહ્યા છે. તેમણે ઉપપ્રમુખપદની સાથે સાથે સમિતિના ચેરમેનપદેથી પણ રાજીનામું આપ્યું છે.

શ્રીમતિ ઠાકોરના રાજીનામાનો પત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિકટર મેકવાનના કાર્યાલયને પણ મળી ગયો છે અને તેમણે આગળની કાર્યવાહી માટે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સૂચના આપી છે.

મળતી વિગતો પ્રમાણે હવે તેમના રાજીનામાના પત્ર અંગેની ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેમાં શ્રીમતિ ઠાકોરને રૂબરૂ બોલાવી સહીની ચકાસણી કરાશે અને તેમનો આ પત્ર કોઈ દબાણ હેઠળ લખ્યો છે કે કેમ? તેની ખરાઈ પણ કરવામાં આવશે.

શ્રીમતી ભીખીબેન કોંગ્રેસ પક્ષની નેતાગીરીથી નારાજ છે અને તેમણે છ માસના ગાળામાં આ બીજીવાર રાજીનામુ આપ્યું છે. તેમણે તેમના આ રાજીનામાના પત્રમાં સામાજિક જવાબદારી અને અંગત કારણોસર રાજીનામુ આપ્યું હોવાનું જાણવા મળેલ છે.

એક તરફ જિલ્લા પંચાયતની સામાન્ય સભા બોલાવવાની તૈયારીઓ આરંભાઈ ચુકી છે ત્યાં આજે સાંજે આ રાજીનામુ આવતાં સૌ ચોંકી ઉઠયા છે.

કોંગ્રેસ પક્ષના આગેવાનો હાલ આ મુદ્દે કંઈ બોલવા તૈયાર નથી પરંતુ આગામી બે ત્રણ દિવસ બાદ પરિસ્થિતિને નાજુક બનતી અટકાવવાની દિશામાં કાર્યવાહી હાથ ધરશે તેમ મનાઈ રહ્યું છે.

શ્રીમતી ઠાકોરનું રાજીનામું આ માસના અંતે મળનારી સામાન્ય સભામાં રજુ થાય છે કે નહિ તેને લઈ પણ અટકળો વહેતી થઈ છે. ઉપપ્રમુખનું રાજીનામું મંજૂર કરવાની સત્તા સામાન્ય સભા પાસે છે. હવે સમગ્ર મામલો જિલ્લા વિકાસ અધિકારીશ્રીના અહેવાલ પર અવલંબિત છે.



શિંગોડા - શિયાળાનું અનોખુ ફળ આજકાલ માર્ગ પર શિંગોડાની લારીઓ ઠેર ઠેર નજરે પડે છે... સામાન્ય અને મધ્યમ વર્ગને પોસાય એવા આ શિયાળાના ફળનું પણ આરોગ્યવર્ધક મહત્વ છે... શિંગોડા માત્ર એકાદ મહિનો જ બજારમાં જોવા મળે છે... પરંતુ મુસાફરી દરમિયાન રસ્તામાં ખાવાનું આ ફળ ટાઈમપાસ તરીકે પણ સૌને ગમે છે... હોંશે હોંશે ખરીદતા યુવક-યુવતીઓ શિંગોડાની મોજ માણતા હોય છે. (તસવીર : દિપક જાની)

# મંત્રીઓ અને સચિવોને નવેસરથી જિલ્લા પ્રભારી તરીકે જિલ્લા ફાળવાશે

ગાંધીનગર, તા. ૫

રાજયના તમામ જિલ્લામાં નિમણુંક કરવામાં આવેલ જિલ્લા પ્રભારી સચિવોની કામગીરીની સમીક્ષા કરીને આગામી ટુંક સમયમાં ફેર બદલ કરીનો નવેસરથી જિલ્લા પ્રભારી સચિવોની નિમણુંક કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના તમામ જિલ્લાઓમાં રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ કલ્યાણકારી યોજનાઓના અમલીકરણ મોનીટરીંગ તેમજ જિલ્લા તંત્રને માર્ગદર્શન આપવા માટે જિલ્લા પ્રાભારી સચિવોની નિમણૂંકો કરવામાં આવેલી છે.

જિલ્લા પ્રભારી સચિવ તરીકે વિભાગોના વડાઓની નિમણુંકો કરવામાં આવેલી છે. પરંતુ તાજેતરમાં જ કેટલાક સિનીયર સનદી અધિકારીઓ વય નિવૃત્ત થતા તેમને ફાળવેલ જિલ્લામાં હાલ નવા કોઈ જિલ્લા પ્રભારી સચિવોની નિમણુંકો કરવામાં આવી નથી.

આ ઉપરાંત આગામી એક માસ દરમ્યાન હજુ પણ બે થી ત્રણ ઉચ્ચ સનદી અધિકારીઓ વય નિવૃત્ત થઈ રહ્યા છે. આથી આગામી ટુંક સમય બાદ પ્રભારી સચિવોની કામગીરીની સમીક્ષા કરીને જિલ્લા પ્રભારી સચિવોની નિમણુંકોનું રીશફલીંગ કરવામાં આવશે અને નવેસરથી જિલ્લા પ્રભારી સચિવોને જિલ્લાઓમાં જવાબદારીઓ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

● અનુસંધાન પાન-૭ પર



અમદાવાદ શહેરમાં ઓઢવ વિસ્તાર ખાતે આયોજીત ભાગવત સપ્તાહના પ્રારંભ પૂર્વ આજે ભવ્ય કળશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓએ માથે કળશ-શ્રીફળ મૂકી શ્રીમદ ભાગવત કથાના સ્થળે પહોંચી હતી. જ્યાં કશળયાત્રાનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કળશયાત્રા દરમિયાન સમગ્ર માર્ગમાં ભક્તિનો અનોખો માહોલ સર્જાયો હતો.

# જિલ્લામાં આજથી ગ્રામસભા અભિયાન

## મનરેગાનું લેબર બજેટ ; મધ્યાહન ભોજન યોજના અને ભાષાકીય લઘુમતિના પ્રશ્નો અંગે ચર્ચાઓ થશે : બે દિવસ પહેલાં ખાસ મહિલા સભા યોજવા અંગે પણ તંત્રએ કરેલી તાકીદ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા ગ્રામસભાના અભિયાનનો આજથી પ્રારંભ થયો છે અને તે આગામી ૧૫મી ડિસેમ્બર સુધી ચાલશે.

જિલ્લામાં યોજાઈ રહેલ આ ગ્રામસભા અભિયાનમાં મનરેગાના ગ્રામ વિસ્તારના લેબર બજેટ ઉપરાંત પ્રથમવાર જિલ્લામાં ગ્રામસભાના બે દિવસ પહેલાં મહિલાઓની વિશેષ ગ્રામસભાઓ યોજવા માટેના આદેશો વિકાસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા કરવામાં આવ્યા છે.

મળતી વિગતો મુજબ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા ગ્રામસભાના નિયત એજન્ડા ઉપરાંત નવા બે વિષયો પર ચર્ચા કરવા અને તે મુદ્દાઓનો એજન્ડામાં સમાવેશ કરવાની પણ વિશેષ તાકીદ કરવામાં આવી છે.

આ ગ્રામસભા અભિયાનમાં મધ્યાહન ભોજન યોજનાના અમલીકરણને લઈ વિશેષ ચર્ચાઓ કરવામાં આવશે. જેમાં બાળકોને નિયમિત ભોજન મળવા ઉપરાંત લીલા શાકભાજી પીરસવામાં આવે છે કે કેમ ? તે પુરતા પ્રમાણમાં ભોજન પીરસાય છે કે કેમ ? બાળકોની સંખ્યામાં સુધારો થાય છે કે કેમ ? સ્વાસ્થ્યને લઈ પણ તપાસ કરાય છે કે કેમ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે જણાવાયું છે.

આ ઉપરાંત ભાષાકીય લઘુમતિઓના પ્રશ્નો સંસ્કૃતિ અને ઓળખ જાળવી રાખવાના વિષય પર પણ ચર્ચા કરવાની રહેશે. આ માટે ભારત સરકારને તાજેતરમાં મળેલા એક અહેવાલમાં ચિંતા વ્યક્ત કરવામાં આવતાં તંત્રએ આ મુદ્દાને પણ એજન્ડામાં સમાવવાનો નિર્ણય કર્યો છે.

ગ્રામયકક્ષાએ લેબર બજેટ મનરેગાનું મંજૂર થયા બાદ તાલુકા કક્ષાએ તે આખરી કરી અને જિલ્લા કક્ષાએ રજુ કરવામાં આવશે જે પંચાયતના સામાન્ય બજેટની સાથે સામાન્ય સભામાં મંજૂર કરવામાં આવશે.

જિલ્લાના ૨૯૫ ગામોમાં આ ગ્રામસભાઓ ૧૦ દિવસમાં યોજાશે અર્થાત્ રોજની ૩૦ થી વધુ ગ્રામસભાઓ થશે. મળતી વિગતો મુજબ આ ગ્રામસભાઓ બપોરે ૧૧ વાગ્યાથી લઈ ત્રણ વાગે શરૂ થશે જેથી ખેતીકામ પર કોઈ વિપરીત અસરો પડશે નહિ અને લોકો તેમાં ભાગ લઈ શકશે.

આ ગ્રામ સભામાં રજુ થતા પ્રશ્નો અને તેના નિકાલ અંગે પણ અલગથી અહેવાલ તૈયાર કરવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ કરી દેવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગ્રામસભાઓમાં રજુ થયેલા પ્રશ્નોમાં ૫૦ ટકતાથી વધુ પ્રશ્નો હજુ પણ વણ ઉકલ્યા પડ્યા છે. જે ઉલ્લેખનીય છે. આ માટે રચાયેલ મોનીટરીંગ સેલની બેઠકો પણ મળતી નહિ હોવાનું જાણવા મળેલ છે.

# સચિવાલય કેડરના અગિયાર અધિકારીઓને બઢતીના હુકમો

## ૬ સંયુક્ત સચિવોને અધિકસચિવ અને ૫ નાયબ સચિવને સંયુક્ત સચિવ બનાવાયા

ગાંધીનગર, તા.૫

રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગે આજે સચિવાલય કેડરના ૧૧ અધિકારીઓને બઢતી આપતા હુકમો જારી કર્યા છે. આજે કરાયેલા આ હુકમથી કર્મચારી વર્ગમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

સામાન્ય વહીવટ વિભાગે આજે કરેલા હુકમોમાં ૬ સંયુક્ત સચિવ સંવર્ગના અધિકારીઓને અધિક સચિવ તરીકે બઢતી આપી છે. જયારે પાંચ નાયબ સચિવ સંવર્ગના અધિકારીઓને સંયુક્ત સચિવ તરીકે બઢતી આપવામાં આવી છે. આ અધિકારીઓની જગ્યાઓ જે તે વિભાગમાં જ અપગ્રેડ કરી દેવામાં આવી છે.

| નામ | હાલની જગ્યા | બદલીની જગ્યા |
|---|---|---|
| શ્રીમતી એલ.બી. દેસાઈ | સંયુક્ત સચિવ ઉર્જા પે.કે. વિભાગ | અધિક સચિવ ઉર્જા પે.કે. વિભાગ |
| એમ.એમ. જોષી | સંયુક્ત સચિવ ગુ.રા. કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટસ | અધિક સચિવ ગુ.રા. કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટસ |
| એમ.વાય.એ. મિરઝા | સંયુક્ત સચિવ નર્મદા જ.પા.પુ. વિ. | અધિક સચિવ ન.જ.પા.પુ.કલ્પ વિ. |
| કે.જી. વણઝારા | સંયુક્ત સચિવ નિયામક વિ. જાતિ કલ્યાણ ખાતુ | અધિક સચિવ નિયામક વિ. જાતિ કલ્યાણ ખાતુ |
| એ.એસ. ભગત | સંયુક્ત સચિવ શ્રમ રોજગાર | અધિક સચિવ શ્રમ રોજગાર |
| શ્રીમતી કે.વી. બ્રહ્મભટ્ટ | સંયુક્ત સચિવ શિક્ષણ વિભાગ | અધિક સચિવ શિક્ષણ વિભાગ |

● અનુસંધાન પાન-૭ પર

# નારાયણ સાંઈને સુરત લવાયા

## નારાયણ સાંઈની સાથે-સાથે તેના સાગરીતો પણ સકંજામાં આવ્યા
## નારાયણ સાંઈને સઘન સુરક્ષા વચ્ચે સાંજે કોર્ટમાં રજુ કરાયા

સુરત,તા. ૫



રેપ કેસમાં વોન્ટેડ અને ગઈકાલે ઝડપાઈ ગયેલા વિવાદાસ્પદ આસારામના પુત્ર નારાયણ સાંઈને આજે દિલ્હીથી સવારેમાં સુરત લવાયો હતો. સુરતમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યુંહતુંકે વર્ષ ૨૦૦૨-૦૫ વચ્ચેના ગાળામાં તેમના આશ્રમ ખાતે રહેતી સુરત સ્થિત મહિલાએ સાંઇ પર બળાત્કાર ગુજારવાનો સીધો આક્ષેપ કર્યો હતો. વારંવાર રેપ અને જાતિય શોષણ કરવાનો નારાયણ સાંઇ પર આક્ષેપ કરવામાં આવ્યો હતો. પોલીસે માહિતી આપતા કહ્યુંછે કે નારાયણ સાંઇ અને તેના સાગરીતોને મોડી સાંજે કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો.

કોર્ટમાં રજૂ કરવાની પ્રક્રિયા આજે સવારે સુરત લાવવામાં આવ્યા બાદ જ હાથ ધરવામાં આવી હતી. પોલીસ કમીશનર રાકેશ અસ્થાનાએ વિગત આપતા કહ્યુંછે કે નારાયણ સાંઇ અને તેના સાથીઓ કસ્ટડીમાં લીધા બાદ સવારમાં સુરત લાવવામાં આવ્યા હતા. આશરે બે મહિના સુધી ધરપકડને ટાળવામાં સફળ રહ્યા બાદ નારાયણ સાંઇ ગઈકાલે તેના બે નજીકના સાથી સાથે ઝડપાઇ ગયો હતો. તેના ઝડપાયેલા સાથીઓમાં પીએસઓ કુશાળ ઠાકુર ઉર્ફે હનુંમાન તેમજ ડ્રાઈવર રમેશ મલહોત્રાનો સમાવેશ થાય છે. રોહિણીમાં કોર્ટે બુધવારના દિવસે તેમને ૨૪કલાકના રીમાન્ડ પર સોંપ્યા હતા. સુરતની બે બહેનોએ આસારામ અને સાંઇ પર બળાત્કારના આક્ષેપો કર્યા હતા.

# નારાયણ સાંઈનો લાઈ ડીટેક્ટર ટેસ્ટ થઈ શકે

સુરત,તા. ૫

નારાયણ સાંઈની ઊંડી તપાસ હાથ ધરવામાં આવી ચુકી છે. સુરત પોલીસ કમિશનરે માહિતી આપતા કહ્યું છે કે, જો જરૂર પડશે તો નારાયણ સાંઈના એફએસએલમાં નાર્કો લાઈવ ડીટેક્ટર ટેસ્ટ પણ કરવામાં આવશે. નાર્કો ટેસ્ટની સાથે-સાથે લાઈવ ડીટેક્ટર ટેસ્ટ પણ કરાશે. સુરત લાવવામાં આવ્યા બાદ નારાયણ સાંઈને સુરત ક્રાઈમ બ્રાંચની ડીસીબી ચેમ્બરમાં રાખવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાંચમાં જ નારાયણ સાંઈને સ્નાન કરવા સહિતની પ્રક્રિયા હાથ ધરી હતી. નારાયણ સાંઈના ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરાઈ હતી. નારાયણ સાંઈના બોડીગાર્ડની પણ પૂછપરછ કરાઈ છે.





**REQUIRED**

International call center require Male/Female having english communication skill and willing to work at night shift for legal processes at gandhinagar infocity. Excellent salary, Incentive, Pickup/Drop, Dinner. Rush with resume 4 pm onwards at 204-A, I T Tower - 1, Infocity, Gandhinagar.

**M. : 9712774898**

